નં.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/
પોસ્ટ વિતરણ/પોલીસી/૧૨૯
જી.આઈ.ડી.સી., વડી કચેરી, ગાંધીનગર
તા. ૧૨/૧૦/૨૦૧૭

## // પરિપત્ર //

**વિષયઃ— નિગમના કર્મચારી/અધિકારીઓને ફાળવેલ રહેણાંક પ્લોટની તબદીલી બાબતે.**

સંદર્ભઃ— (૧) નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પોસ્ટ વિતરણ/પોલીસી/૮૯, તા.૦૬.૦૭.૨૦૧૭
(૨) નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/ ઓએન્ડએમ/ સીઆઈઆર/ એચએન્ડએ/ પીઓએલ/ ૬૫/ ૨૦૦૪/ ૨૩, તા.૨૮.૦૯.૨૦૦૪
(૩) નિગમના પરિપત્ર ક્રમાંકઃ ઓએન્ડએમ/ સીઆઈઆર/ પીએન્ડએ/ એચએસજી/ ૫૪/ ૩૧/ ૬૧૭/ ૯૫, તા.૩૧.૦૭.૧૯૯૫

નિગમના નિયામક મંડળની તા.૨૮—૦૯—૨૦૧૭ ના રોજ યોજાયેલ ૪૯૭ મી સભામાં નિગમના કર્મચારી/અધિકારીઓને ફાળવેલ રહેણાંક પ્લોટની તબદીલી બાબતે નીતિ વિષયક કાર્યસૂચિ ક્રમાંકઃ ૫/પો. વિતરણ/૪૯૭, તા.૨૮.૦૯.૨૦૧૭ થી સાદર કરવામાં આવેલ. સદર સભામાં થયેલ ઠરાવ ક્રમાંકઃ૬૪/ પો.વિતરણ/ ૪૯૭/ ૨૦૧૭ અન્વયે નિગમના કર્મચારી/અધિકારીશ્રીઓને ફાળવવામાં આવેલ રહેણાંક પ્લોટ/મકાનની તબદીલી બાબતે નીચે મુજબની નીતિ અમલમાં મુકવામાં આવે છે.

(૧) કર્મચારી/અધિકારીને પ્લોટનું/મકાનનું વિતરણ થયા તારીખથી પાંચ વર્ષ સુધી રહેણાંક પ્લોટ/મકાનની તબદીલ થઈ શકશે નહિ.

(૨) પરંતુ જે કિસ્સાઓમાં કર્મચારી/અધિકારીને નિવૃતિના છેલ્લા વર્ષમાં ફાળવણી થયેલ હોય અથવા કર્મચારી/અધિકારીને નિવૃતિ બાદ ફાળવણી થયેલ હોય તેવા કિસ્સાઓ તેમજ મૂળ ફાળવણીદારના મૃત્યુના કિસ્સામાં તેના વારસદારની તરફેણમાં પ્લોટ/મકાનની ફાળવણીના પાંચ વર્ષ કે તેથી ઓછા સમયના કિસ્સામાં પ્લોટ/મકાનની તબદીલ થઈ શકશે.

(૩) નિગમના પરિપત્ર ક્રમાંકઃજીઆઈડીસી/ ઓએન્ડએમ/ સીઆઈઆર/ ઓએન્ડએમ/ પીઓએલ/ ૬૫/ ૨૦૦૪/ ૨૩, તારીખઃ૨૮.૦૯.૨૦૦૪ ની જોગવાઈ નંબરઃ(૧૩) ના સ્થાને, હવે જયારે પ્લોટ તબદીલ/વેચાણ કરવામાં આવે ત્યારે જે તે જમીનની પ્રવર્તમાન ફાળવણી કિંમત પ્રમાણે થતી પ્લોટની કિંમતમાંથી કર્મચારી/અધિકારીએ ભરેલી રકમ બાદ

કરતાં બાકી રહેતી તફાવતની રકમ નીચે દર્શાવ્યા પ્રમાણે પ્રિમીયમ તરીકે જમા કરાવવાની રહેશે.

| ક્રમ | પ્લોટના વપરાશનો સમયગાળો | ભરવાનુ પ્રિમીયમ તફાવતની રકમના |
|---|---|---|
| ૧ | ખુલ્લો પ્લોટ | ૧૦૦% (×) |
| ૨ | નિગમના નીતિ નિયમ મુજબ વપરાશની વ્યાખ્યામાં નથી તેવા પ્લોટ | ૧૦૦% (×) |
| ૩ | ૫(પાંચ) વર્ષ કરતાં ઓછા સમયનો વપરાશ | ૧૦૦% (×) |
| ૪ | ૫(પાંચ) કે તેથી વધુ પરંતુ ૧૫(પંદર) વર્ષ કરતાં ઓછા સમયનો વપરાશ | ૫૦% (×) |
| ૫ | ૧૫(પંદર) વર્ષ કે તેથી વધુ પરંતુ ૨૫(પચ્ચીસ) વર્ષ કરતાં ઓછા સમયનો વપરાશ | ૨૫% (×) |
| ૬ | ૨૫(પચ્ચીસ) કે તેથી વધુ સમયનો વપરાશ | ૦% (×) |

(×) જયારે પ્લોટનું વેચાણ કરવામાં આવે ત્યારે જમીનની પ્રવર્તમાન વિતરણ કિંમતમાંથી ભરેલી મૂળ રકમ તથા ભરેલી મૂળ રકમ ઉપર ૧૦ ટકા સાદુ વ્યાજ બાદ કરતાં બાકી રહેતી તફાવતની રકમના ૧૦૦ ટકા / ૫૦ ટકા / ૨૫ ટકા પ્રિમીયમ ભરવાનુ રહેશે.

(૪) હાલ મિલ્કતની તબદીલી અંગેના નીતિ વિષયક પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/ ઓએન્ડએમ/ સીઆઈઆર/ પોસ્ટ વિતરણ/ પોલીસી/ ૮૯, તા.૦૬.૦૭.૨૦૧૭ ની જોગવાઈઓ, કર્મચારી/અધિકારીને ફાળવેલ પ્લોટના તબદીલીના કિસ્સાઓમાં પણ લાગુ પડશે અને ભવિષ્યમાં આ નીતિમાં થતાં ફેરફારની જોગવાઈઓ પણ તેને લાગુ પાડવાની રહેશે.

નિગમના તમામ વિતરણ અધિકારીઓએ આ સૂચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવો તથા પરિપત્ર મળ્યા અંગેની પહોંચ મેનેજરશ્રી (પોસ્ટ વિતરણ) ને પાઠવવી.

—સહી—
**(ડી. થારા)**
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ.

**નકલ જયભારત સહ રવાનાઃ—**

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.
(૩) જનરલ મેનેજરશ્રી ગ્રેડ—૧ (એસએન્ડએ), જીઆઈડીસી, ગાંધીનગર નિગમની વેબસાઈટ ઉપર મુકવા સારૂ.

**રવાના કર્યુ,**

**કાર્યપાલક નિયામક(ઈએન્ડએ)**